

દેવદિવાળી - કાર્તિકીપૂર્ણિમાના પાવન પર્વે શહેરના ગ્રામદેવતા સમા પંચદેવ મંદિરના પ્રાંગણમાં વિવિધ આકારમાં પંચદેવ યુવક મંડળ દ્વારા રોશની કરાઈ હતી... દિવાઓના ઝળહળાટમાં સમગ્ર વાતાવરણ પાવન અનુભવાતું હતું... પ્રતિવર્ષની પરંપરા પ્રમાણે પંચદેવ યુવક મંડળ દ્વારા હજ્જારો દિવાઓ પ્રગટાવી વાતાવરણમાં ઝળહળાટ સર્જ્યો હતો... દિપમાળાના દર્શને નગરજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા...

# જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એટલે ઉદાસીન તંત્રનું નવુ નામ બની ઉભર્યુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એટલે ઉદાસીનતાનું નવું નામ છે. રાજ્ય સરકારે એજન્સીના આ ઉદાસીન વલણની અત્યંત ગંભીર નોંધ પણ લીધી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષમાં સપ્ટેમ્બર માસાન્તે ૧૩૫૯ કામો પ્રગતિ હેઠળ છે જેમાં ઘણા કામો જુના અને લાંબા સમયથી સ્પીલ ઓવર થતા જણાયા છે.

રાજયના ગ્રામ વિકાસ વિભાગના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યુ છે કે છેલ્લા એક વર્ષથી કોઈપણ ખર્ચ કરવામાં આવેલ ના હોય તેવા અધુરા રહેલા કામોની સંખ્યા ૫૨૭ છે. છેલ્લા બે વર્ષથી કોઈપણ ખર્ચ કરવામાં આવેલ ન હોય તેવા અધુરા રહેલ કામોની સંખ્યા ૨૧૧ છે. જ્યારે છેલ્લા ૩ વર્ષથી કોઈપણ ખર્ચ કરવામાં આવેલ ના હોય અને અધુરા રહેલ કામોની સંખ્યા ૮૨ છે.

આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે શરૂઆતથી લઈ અત્યાર સુધીમાં કોઈપણ ખર્ચ કરવામાં આવેલ ન હોય તેવા અધુરા રહેલ કામોની સંખ્યા ૭૦ છે.

આમ ૮૨૦ કામો એવા છે કે જે છેલ્લા ૩ વર્ષથી ખર્ચ કર્યા વગર અધુરા બતાવવામાં આવી રહ્યા છે. આ અંગે જિલ્લા તંત્ર કોઈ જ નિર્ણય ના લઈ શકયુ જે સરકારના ધ્યાને આવ્યુ છે કે આટલી ઉદાસીનતા કેમ સાંખી લેવાય.

આ વાતને આગળ વધારતા આ સૂત્રોએ જણાવ્યુ છે કે મંજૂર કરાયેલ રકમ સામે માત્ર ને માત્ર ૫ ટકા રકમનો ખર્ચ કરવામાં આવ્યો હોય તેવા અધુરા કામોની સંખ્યા ૮૭ છે. આ કામોની છેલ્લી સ્થિતિ શું છે તે અંગે તંત્ર દ્વારા વારંવારની પૃચ્છા વેળાએ મૌન

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર મનપાની આજે મહત્વની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની દિપાવલી પછીની પ્રથમ બેઠક આજે મળશે. આ બેઠક અત્યંત મહત્વની બની રહેશે જેમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવનાર છે.

મહાનગરપાલિકાની રચના થયાને ૧૦ વર્ષનો સમયગાળો પણ થયો નથી અને તેના ભરતીના નિયમોને માંડ-માંડ મંજૂરી પછી હવે તેમાં સુધારા-વધારા કરવાની સાથે કેટલાક નિયમો રદ કરવા સહિતની કમિશનરશ્રીએ કરેલી દરખાસ્ત પર આજની બેઠકમાં ચર્ચા થશે.

આ બેઠકમાં સે. ૨૧ અને સે. ૨૪માં આવેલ વર્મીકમ્પોઝ્ટની જે બેડો બનાવવામાં આવી છે તેને કમ્પાઉન્ડ વોલથી રક્ષિત કરવાના મુદ્દે પણ ટેન્ડરીંગ પ્રક્રિયા પૂર્ણ થતાં આ અંગે નિર્ણય કરવામાં આવનાર છે.

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં ૬ નવા ટ્રેક્ટર ખરીદવા અંગે તેમજ મનપાના ૬૦ નંગ મીનીટીપરને કન્ડમ કરી હરાજીથી નિકાલ કરવાનો મુદ્દો પણ ચર્ચામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં દિવ્ય અને ભવ્ય રામમંદિરનુ નિર્માણ કરાશે

**સરયુ નદીના કીનારાની પેટર્ન મુજબ મંદિર વિસ્તાર ડેવલપ કરાશે નગરના અગ્રણીઓ વચ્ચે બેઠક યોજાઇ : શહેરમાં પ્રથમ રામમંદિરનુ નિર્માણ થશે : મંદિર સંકુલમાં અનેક આકર્ષણો જોવા મળશે**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર શહેરમાં તેમજ આસપાસના વિસ્તારમાં વિવિધ ધાર્મિક સ્થાનો છે. શહેરમાં પણ વિવિધ મંદિરો સ્થાનિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન છે. શહેરમાં રામભકત હનુમાનજીના મંદિરે પણ ભાવિકોની ભીડ જોવા મળે છે. ગાંધીનગરમાં આગામી દિવસોમાં દિવ્ય અને ભવ્ય રામમંદિરનુ નિર્માણ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. મર્યાદાપુરુષોત્તમ ભગવાન રામનુ પ્રથમ મંદિર ગાંધીનગરમાં બનશે ભાવિકોની આસ્થા પણ બેવડાશે. નગરના અગ્રણીઓની ભવ્યાતિભવ્ય મંદિરના નિર્માણ માટે બેઠક પણ મળી હતી. સરયુ નદીના કીનારા મુજબની પેટર્નને અનુલક્ષીને રામમંદિરનુ નિર્માણ કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે મંદિર નિર્માણ માટે હજુ સ્થળ આખરી થયુ નથી પરંતુ નગરમાં આસ્થાના કેન્દ્ર સ્થાનની સાથે એક જોવાલાયક નજરાણુ બની રહે તે મુજબ આ ભવ્ય રામમંદિરનુ નિર્માણ કરવા માટે પણ અગ્રણીઓ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યુ છે.

ગાંધીનગરના આંગણે દિવ્ય અને ભવ્ય રામમંદિરના નિર્માણ માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શહેરમાં પંચદેવ મંદિર, અક્ષરધામ , સોમનાથ મહાદેવ સહીતના પ્રતિષ્ઠીત ધર્મસ્થાનો છે. સે-૧૭ અને સે-૫માં રામભકત હનુમાનજીના મંદિરે પણ રોજબરોજ ભાવિકોની ભીડ જામે છે. ત્યારે શહેરમાં રામમંદિરનુ નિર્માણ થાય તેવી પ્રબળ ઈચ્છા પણ શ્રધ્ધાળુઓ વ્યકત કરી રહ્યા છે. સામાન્ય રીતે કોઈપણ ગામમાં રામમંદિર સ્થાનિકો માટે આસ્થાનુ કેન્દ્ર હોય છે. શ્રધ્ધા ભકિત સાથે રામજી મંદિરે દર્શન કરવાનો નિત્ય ક્રમ પણ જોવા મળે છે. સેકટરોમાં પથરાયેલા ગાંધીનગરમાં આમ તો સેકટરે સેકટરે વિવિધ મંદિરો છે. પરંતુ શહેરમાં હજુ સુધી ભવ્ય રામમંદિરનુ નિર્માણ થયુ નથી. શહેરમાં સાંસ્કૃતિક વૃત્તિ પ્રવૃતિની સાથે અનેકવિધ ધાર્મિક પ્રવૃતિ પણ વિશેષ થાય છે. વૈવિધ્યસભર ધાર્મિક કાર્યક્રમોના આયોજનની સાથે શહેરીજનો સેકટરમાં સ્થિત મંદિરમાં રોજ દર્શનાર્થે જતા નજરે પડે છે. ત્યારે ગાંધીના નામ સાથે જોડાયેલા આ નગરમાં દિવ્ય અને ભવ્ય રામમંદિરનુ નિર્માણ કરવા માટે સક્રીય વિચારણા કરવામાં આવી રહી છે. નગરના અગ્રણીઓ દ્વારા રામમંદિરના નિર્માણ માટે બેઠકનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન શહેરમાં ભવ્યાતિભવ્ય રામમંદિર બનાવવા માટે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# નવજાત શિશુઓના મૃત્યુદરને પગલે સરકારની ચિંતા વધી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં નવજાત શિશુના જન્મ પછી તેની સંભાળમાં

**તમામ સ્તરે કડક મોનીટરીંગની સૂચના**

આરોગ્યતંત્રની ઉદાસીનતા સામે સરકારે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સરકારે આ બાબતે તમામ તંત્રોને એક પત્ર પાઠવી આ કામગીરીને સઘન બનાવવા પર ભાર મુક્યો છે.

ગુજરાતમાં બાળ મૃત્યુદર અંગે ૨૦૧૫માં સર્વગ્રાહી સમીક્ષા કરાઈ હતી. આ સમીક્ષા દરમ્યાન કેટલાક કારણો પણ ઓળખી કાઢવામાં આવ્યા હતા અને રહેલી ત્રુટીઓ દૂર કરવા માટે જરૂરી સૂચનાઓ વારંવાર આપવામાં આવી છે. આમ છતાં આ બાળમૃત્યુ દર અંગે તંત્ર દ્વારા દાખવવામાં આવતી સજાગતા અધુરી અને અપૂરતી જણાઈ આવી છે. તેથી સરકારે આ દિશામાં તમામ સ્તર પર ખુબ જ ગંભીરતા દાખવી અને આ મુદ્દે મિશન મોડ પર કામગીરી કરવામાં આવે તેવો આગ્રહ આ અંગે વિસ્તૃત પત્ર લખીને કર્યો છે.

આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર, મોરબી, ખેડા, પાટણ, બનાસકાંઠા, અમદાવાદમાં બાળમૃત્યુ દર રાજયના અન્ય જિલ્લાઓના પ્રમાણમાં વધુ જોવા મળ્યા છે.

સરકારે બાળ મૃત્યુ દરને લઈ દર મહિને વિશેષ સમીક્ષા કરવા ઉપરાંત કલેક્ટર કક્ષાએ પણ બેઠકમાં ખુબજ ગંભીરતા સાથે સમીક્ષા કરવામાં આવે તેવો

● અનુસંધાન પાન-૭ પર



ધુમ્મસ - વાતાવરણમાં આવેલો ફેરફાર હવે અનુભવાઈ રહ્યો છે. પવનની ગતિ સાવ મંદ પડી ગઈ છે. ધીમે ધીમે ઠંડી વધી રહી છે. વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયુ હોય તેવુ વાતાવરણ શહેરને એક નવીજ આભા બક્ષે છે. જેમ જેમ ઠંડી વધશે તેમ તેમ ધુમ્મસની અસર પણ વધુ જોવા મળી શકે છે.

# સાયન્સ સીટી ખાતે બર્ડ વ્યુ ઓફ પિરીયોડીક ટેબલ પ્રોગ્રેસન ડૉ. રૂપેશ ગાયકવાડનું વકતવ્ય



ગાંધીનગર, તા.૧૨

ગુજરાત સાયન્સ સીટી ખાતે ૨૦૧૯-ઈન્ટરનેશનલ યર ઓફ પિરીયોડીક ટેબલ ઓફ કેમિકલ એલિમેંટ્સની ઉજવણીના ભાગરૂપે ઈંટરેકિટવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહર્ષિ દયાનંદ કોલેજના ડિપાર્ટમેન્ટ ઓફ કેમિસ્ટ્રીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. રૂપેશ ગાયકવાડ દ્વારા પિરિયોડિક ટેબલ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. યુનાઈટેડ નેશન્સ ઓફ જનરલ એસેંબલી દ્વારા તેની ૭૪મી સભામાં ૨૦૧૯ના વર્ષ ને ઈન્ટરનેશનલ યર ઓફ ધ પિરિયોડિક ટેબલ ઓફ કેમિકલ એલિમેંટ ઘોષિત કરવામાં આવેલ છે.

વિવિધ વયજૂથના ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે ડો. ગાયકવાડે હેંડ્સ ઓન એક્ટિવિટીથી શરૂઆત કરાવી આજના સમયમાં પિરિયોડિક ટેબલનું મહત્વ સમજાવ્યું હતું. સેશન આગળ વધારતા ડો. ગાયકવાડે પિરિયોડિક ટેબલના વિકાસમાં વિવિધ વૈજ્ઞાનિકોના ફાળા વિષે પણ જાણકારી આપી હતી.

મેન્ડલિવ્સ માર્વેલ બાદ વિવિધ ઘટકો શોધાયા પછી કેવી રીતે પિરિયોડિક ટેબલમાં સમયાંતરે ફેરફારો થયા તે વિષે ડો. ગાયકવાડે વિસ્તૃત માહિતી આપી હતી.

૧૮૬૯ના Dmitri Mendeleev, રશિયન કેમિસ્ટ દ્વારા તમામ ૬૦ ઘટકોને સાંકળીને તેમનાં વજન અને પ્રોપર્ટીઝના આધારે ટેબલ બનાવ્યુ હતું. જેને લીધે તેઓ ફાધર ઓફ પિરિયોડિક ટેબલ તરીકે જાણીતા બન્યા. ડો. ગાયકવાડે પિરિયોડિક ટેબલના વિવિધ અભિગમ ની પણ ચર્ચા કરી તેમને વૈશ્વિક દ્રષ્ટિકોણ અને વિકાસમાં તેના અભિગમ વિષે માહિતી આપી હતી.

# ગુડા વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન માટે સર્વે હાથ ધરાયો

ગાંધીનગર તા ૧૨

ગુડા વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવ માટે સર્વે હાથ ધરાયો છે. કુડાસણ, રાયસણ અને વાસણા હડમતિયા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા માટે ટુંકમાં આખરી આયોજન કરાશે. ગુડા વિસ્તારમાં રસ્તા પાણી અને લાઈટની માળખાગત સુવિધાના કામ સાથે વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવાની કામગીરી પણ હાથ ધરાશે.

ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં સ્થાનિકોને માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે તબક્કાવાર નવા કામોનુ આયોજન કરવામાં આવે છે. ગુડા વિસ્તારમાં મીટર પધ્ધતિથી પાણી આપવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. અલબત્ત આ મામલે સોસાયટીના સભ્યોને ફોર્મ વિતરણ કરવાનુ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. જયારે મીટર પધ્ધતિથી પ્રતિદિન ચાર કલાક પાણી સપ્લાય કરવામાં આવશે.

ગુડા વિસ્તારમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે હાલ

**કુડાસણ, રાયસણ અને વાસણા હડમતિયામાં લાઇનની કામગીરી હાથ ધરાશે**

બોર તેમજ પંચાયત કક્ષાએથી સપ્લાય આપવામાં આવે છે. જયારે મીટર પધ્ધતિના અંતે પાણી ફોર્સથી મળી રહેશે તેમજ પાણીનો બગાડ પણ નહીં થાય તેમ પણ મનાઈ રહ્યુ છે. ગાંધીનગર શહેરમાં દાયકાઓના અંતે સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરાયુ છે. સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ થઈ રહ્યુ છે. જયારે ગુડા વિસ્તારમાં પણ વરસાદી પાણીના નિકાલ માટે આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. સ્ટોર્મ વોટર લાઈનના પ્રોજેકટને અનુલક્ષીને હાલ સર્વે હાથ ધરાયો છે. પ્રથમ તબક્કામાં કુડાસણ અને રાયસણમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરાશે. વાસણા હડમતિયા વિસ્તારમાં પણ વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરાશે. સુત્રોના જણાંવ્યા મુજબ ગુડા વિસ્તારમાં લાઈનનુ કામ હાથ ધરવા માટે હાલ તજજ્ઞો દ્વારા સર્વે અને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જેના અંતે સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરાશે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી પાછળ તોતિંગ ખર્ચ થશે જયારે આ પુર્વે યુટીલીટીઝ લાઈન પસાર થતી હોય તે અંગે પણ પુરતો ખ્યાલ રાખવા માટે જરૂરી અભ્યાસ બાદ આ કામગીરી હાથ ધરાશે.

**જોઈએ છે**

આઈસ્ક્રીમ પાર્લર માટે પાર્ટ ટાઈમ / ફુલ ટાઈમ પાર્લર સ્વતંત્ર રીતે સંભાળી શકે તેવા

મો. ૯૮૭૯૬ ૭૮૨૭૬

**જાહેરાત**

પાણીના મીટર તથા તેના ઈન્સ્ટોલેશનમાં રસ ધરાવતી વ્યકિત/સંસ્થાને સોસાયટીના આઠ માળ ધરાવતા ચાર બ્લોકના કુલ ૧૨૮ ફલેટ માટે સ્વયં સંચાલિત પાણી પુરવઠા માટે દરેક ફલેટ દીઠ પાણીના મીટર તથા વ્યકિતગત પાઈપલાઈન નાખવા માટે તા. ૧૯-૧૧-૨૦૧૯ સુધીમાં ભાવપત્રક રજુ કરવા જણાવવામાં આવે છે. ભાવપત્રકનો નમુનો શ્રી જીજ્ઞેશભાઈ દાણી (મો. ૯૯૭૯૧૦૫૯૯૯) પાસેથી મેળવી લેવાનો રહેશે.

**રાધે રેસિડેન્સી કો.ઓ. હાઉસિંગ સર્વિસ સોસાયટી લિમિટેડ**
**મુ.પો. કુડાસણ, ગાંધીનગર-કોબા રોડ, ગાંધીનગર-૩૮૨૪૨૧**

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com